# ખેલૈયાઓ માટે ખુશખબર... નવરાત્રિમાં સેકટરોમાં શેરી ગરબાના અણસાર

**ગણેશોત્સવ અને નવરાત્રિમાં ડી જે અને બેન્ડના ઉપયોગ માટે કોવિડની ગાઇડલાઇનના અમલ સાથે મંજુરી અપાશે : નવરાત્રિ મહોત્સવનુ મોટાપાયે આયોજન નહી થાય પરંતુ શેરીગરબાનુ આયોજન કરી શકાશે**





ગાંધીનગર તા ૮

કોરોનાના કપરા સમયગાળા દરમિયાન છેલ્લા બે વર્ષથી તહેવારોની ઉજવણીનો રંગ ઓસરી ગયો છે. તેમાંય ખાસ કરીને સૌના પ્રિય નવરાત મહોત્વસવની ઉજવણી પણ ન થતા ગરબા પ્રેમીઓ પણ નિરાશા અનુભવી રહ્યા છે. કોરોનાના સંક્રમણમાં ગત વર્ષે પણ નવરાત્રિ પર્વની ઉજવણી થઇ શકી ન હતી જયારે આ વર્ષે બીજી લહેરના અંતે હાલ કોરોનાનુ સંક્રમણ કાબુમાં છે ત્યારે સરકારે ગણેશોત્સવ અને નવરાત્રિ પર્વની ઉજવણીન અનુલક્ષી બેન્ડ અને ડી જેની મંજુરી માટે છુટછાટ આપવાનો નિર્ણય લેતા ખેલૈયાઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે જો કે નવરાત્રઇ મહોત્સવની મોટાપાયે ઉજવણી કરવામાં આવશે નહી ત્યારે સેકટરોમાં શેરી ગરબાની રમઝટ જામે તેમ પણ મનાઈ રહ્યુ છે.

કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી સામાજિક જનજીવનનો સિનારીયો બદલાઇ ગયો છે. કવોરન્ટાઇન અને લોકડાઉન જેવા શબ્દો અસ્તિત્વમાં આવ્યા બાદ જનજીવન પણ કેદમાં પુરાઇ ગયુ હતુ. કોરોનાની બીજી ઘાતક લહેરના પડઘા હજુ શાંત પડી રહ્યા છે. ત્યારે કોરાનાની ત્રીજી લહેરના ભણકારા પણ આમ નાગરિકો માટે ગભરાટનુ કારણ બન્યા છે. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી બધા તહેવારો જાણે ફીક્કા પડી ગયા છે. તેમાંય ખાસ કરીને નવરાત્રી મહોત્સવની ઉજવણી પણ ગરબા વિના જ થાય છે. ગત વર્ષે પણ ગરબા મહોત્સવનુ આયોજન થઇ શક્યુ ન હતુ જયારે વર્ષ ૨૦૧૯ માં પણ વરસાદી વિધ્ન વચ્ચે નવરાત્રિ

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળો વકર્યો

**શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ડેન્ગ્યુ સહિતના વાહકજન્ય રોગચાળાના કેસોમાં ઉછાળો આવતાં તંત્રમાં એક નવી ચિંતા**



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ડેન્ગ્યુ સહિતના વાહકજન્ય રોગચાળાના કેસોમાં ઉછાળો આવતાં તંત્રમાં એક નવી ચિંતાનો આરંભ થયો છે.

છેલ્લા થોડાક દિવસોથી વરસાદના હળવા ઝાપટા અને ભેજવાળા વાતાવરણને લઈ મચ્છરોની ડેન્સીટીમાં વધારો થયો છે. આ ઉપરાંત અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં પણ લોકોની અવરજવર વધી હોવાથી ડેન્ગ્યુના કેસમાં ઉછાળો આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ આ કેસો વધી રહ્યા હોવાથી તંત્ર હાલ મિશન મોડ પર એન્ટી લાર્વેલ અને પોરાનાશક કામગીરી હાથ ધરી છે. મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રએ પણ જન-જાગૃતિ માટેના અભિયાન પર વધુ ભાર મુક્યો છે.

ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ ડેન્ગ્યુના કેસોની અને મેલેરિયાના કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓ.પી.ડી.માં પણ વાઈરલ ફિવર, ડેન્ગ્યુ અને

● અનુસંધાન પાન-૭ પર

# મેઘરાજાએ બપોર બાદ જિલ્લામાં હેત વરસાવતાં વાતાવરણ પલ્ટાયુ

**ગાંધીનગર તાલુકામાં ૪ થી ૬ દરમ્યાન ૫ મી.મી. વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના માણસા અને ગાંધીનગર તાલુકામાં આજે વરસાદી ઝાપટાઓ નોંધાયા હતા. સાંજના ૬ વાગ્યા સુધીમાં માણસા તાલુકામાં ૧૦ મી.મી. તો ગાંધીનગરમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં ૮ થી ૧૧ સપ્ટેમ્બર દરમ્યાન વરસાદ સારો થશે તેવુ હવામાન-પૂર્વાનુમાન હતુ. જિલ્લામાં આજે બપોર સુધી સારો એવો ગરમીનો માહોલ જોવા મળ્યો હતો.

બપોરના ૧૨ વાગ્યા પછી માણસામાં બે કલાકમાં ૧૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. માણસા પંથકમાં વરસાદ થતાં લોકોએ ગરમીમાં આંશિક રાહત મેળવી હતી.

ગાંધીનગર તાલુકામાં ૪ થી ૬ દરમ્યાન ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં જે રીતે આકાશમાં મેઘગર્જનાઓ, વીજળીના કડાકા થતા હતા તેને લઈ સારો વરસાદ થશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. ચિલોડા પંથકમાં આજે સાંજે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. ચિલોડા પંથકમાં સાંજે ૫ વાગ્યા પછી શરૂ થયેલો વરસાદ આ લખાય છે ત્યારે પણ ચાલુ હોવાથી તાલુકાના વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે.





ગાજ્યા મેહ વરસ્યા નહિ.... - શહેરમાં બપોરથી જ વરસાદી માહોલ સર્જાયો હતો... મોડીસાંજે તો શહેરના ગગનમાં ગાજવીજ એવા જબરજસ્ત થયા કે મેઘરાજા મન મૂકીને વરસી પડશે... પરંતુ રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં તો માત્ર હળવા ઝાપટાથી જ સંતોષ માનવો પડ્યો હતો... વિજળીના ચમકારા પણ ખૂબ થયા... વાદળોની ગડગડાટી પણ વધારે થઈ પણ અંતે ૨-૫ મિનિટની આક્રમકતા બાદ હળવા ઝાપટાં વરસ્યા હતા.... હજુ પણ ગાંધીનગર ધોધમાર વરસાદની આશા રાખે છે....

# સે-૯ માં ૪૫ વર્ષ જુના જર્જરિત ૭૨ મકાનો તોડી નાંખવામાં આવશે

**સેકટરમાં જોખમી મકાનો ખાલી કરાવી દેવાયા છે : દરખાસ્તને મંજુરી અપાયા બાદ આવાસોનો કડુસલો કરાશે**

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. ત્યારે સે-૯ માં પણ અંદાજિત ૪૫ વર્ષ જુના સરકારી આવાસો તોડવા માટે આયોજન કવરામાં આવ્યુ છે. સેકટરમાં સ્થિત ચ, જ અને છ કક્ષાના સાત જેટલા જોખમી બ્લોક તોડવામાં આવશે. આ બ્લોક ખાલી હોવાથી વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ આ જોખમી આવાસોનો કડુસલો કરવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તંત્રના સર્વેના અંતે તબક્કાવાર વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. જયારે અત્યાર સુધી સે-૧૬, સે-૧૩, સે-૨૨ સે-૬ સે-૨૮ અને સે-૨૯ સહીતની જગ્યાએ વિવિધ પ્રકારના આવાસોનો કડુસલો કરી દેવાયો છે. જયારે સે-૯ માં પણ એરફોર્સના જવાનોને ફાળવવામાં આવેલો જુના અને જોખમી મકાનો પણ હવે તોડી નાંખવામાં આવશે જેમાં સેકટરમાં સ્થિત ચ છ અને જ કક્ષાના આવાસો તોડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરી દેવામાં આવી છે. સેકટરમાં અંદાજિત ૪૫ વર્ષ જુના સાત બ્લોક તોડવામાં આવશે જેમાં ૪૫ યુનિટો જોખમી હાલતમાં છે. આ મકાનોમાં હાલ કોઈ વસવાટ નથી જયારે તંત્રની દરખાસ્તના અનુસંધાને આગામી દિવસોમાં વિભાગ કક્ષાએથી મંજુરી મળ્યા બાદ આવાસોનો કડુસલો કરવાની કામગીરી હાથ ધરાશે.


## ટેલિફોનિક બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી

**નારાયણ ભગવાનજી વ્યાસ**

ઉ. વ. ૯૨, (નિવૃત ભાષાનિયામકશ્રી)
તારીખ ૦૪/૦૯/૨૦૨૧ના રોજ ગાંધીનગર નિવાસ સ્થાને કૈલાસવાસી થયા છે.

સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા. ૦૯/૦૯/૨૦૨૧ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

ભાનુમતીબેન નારાયણ વ્યાસ (પત્ની)

લી.

સ્વ. જ્યંતિલાલ વ્યાસ (ભાઈ)
રમેશચંદ્ર વ્યાસ (ભાઈ)
મો. ૮૮૬૬૦૦૩૮૮૦
શ્રેયસ નારાયણ વ્યાસ (પુત્ર)
મો. ૯૪૨૯૦૬૪૬૧૪
હૃષિકેશ નારાયણ વ્યાસ (પુત્ર)
મો. ૯૮૨૫૦૩૦૯૬૯

નિર્મળાબેન જોષી (બહેન)
ચિત્રા પ્રકાશ વ્યાસ (પુત્રવધુ)
મો. ૯૬૪૨૪૯૮૯૪૪
રક્ષા કૌટિલ્ય દવે (પુત્રી)
મો. ૯૭૭૩૦૦૩૦૦૧
પ્રાચી પ્રશાંત યાજ્ઞિક (પુત્રી)
મો. ૯૮૭૯૦૦૩૬૬૯

સ્વ. પ્રકાશ નારાયણ વ્યાસ (પુત્ર)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દુબેન મોહનભાઈ જાદવ**
**સ્વ. તા. ૯/૯/૨૦૨૦**

સદાય હસતાં, સર્વગુણ સંપન્ન એવા, પરોપકારી જીવન જીવનારા, અભિમાન વગરની સાદગી, સમતા, સમભાવ, દીર્ઘદૃષ્ટિ સાથે શૂન્યમાંથી સર્જન કરનાર, પ્રેમાળ હુંફ આપનાર અને સતત અવિસ્મરણીય રહેનાર એવા દેવદૂત સમાન શ્રીમતી ઈન્દુબેન મોહનભાઈ જાદવને કોટી કોટી વંદન. આજે અમો જે કાંઈ છીએ તે આપને આભારી છીએ. ઘણું બધું હારીને પણ ઘણું બધું આપીને ગયા હોવા છતાં આપની ખોટ ક્યારેય કોઈનાથી પુરાવાની નથી. અમો આપના હંમેશા ઋણી છીએ અને રહીશું અને આપે દર્શાવેલા માર્ગ ઉપર ચાલવાના સંકલ્પ સાથે ચિરસ્મરણીય પરમ આત્માને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ કોટી કોટી વંદન

મોહનભાઈ પરમાભાઈ જાદવ (પતિ) ધરા મોહનભાઈ જાદવ (પુત્રી)
ડો. જતીન મોહનભાઈ જાદવ (પુત્ર) ડો. પ્રિયંકા જતીન જાદવ (પુત્રવધુ)

**સમસ્ત જાદવ પરિવાર અને મકવાણા પરિવાર**


# ધો -૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આગામી ૧૪ થી ૩૦ માર્ચ દરમિયાન યોજાશે

**શિક્ષણ વિભાગે શૈક્ષણિક કેલેન્ડર બહાર પાડયુ : ૨૧ દિવસનુ દિવાળી વેકેશન અને ૩૫ દિવસનુ ઉનાળુ વેકેશન રહેશે**

ગાંધીનગર તા ૮

કોરોના કાળમાં ગત માર્ચ મહીનામાં ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા લેવામાં આવી નથી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની ફરજ પડી છે. જયારે કોરોનાની બીજી લહેરના અંતે જાહેર થયેલા શૈક્ષણિક કેલેન્ડર મુજબ આગામી તા ૧૪ થી ૩૦ માર્ચ દરમિયાન ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો છે.

કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમય સુધી શાળાઓ બંધ રહ્યા બાદ હવે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યુ છે. જયારે લાંબા સમય બાદ શાળાઓ શરૂ થયા બાદ હજુ પણ શાળાઓમાં વિદ્યાર્થીઆની પુરતી હાજરી જોવા મળતી નથી. કોરોનાની ત્રીજી લહેરના ખતરા વચ્ચે વાલીઓ હજુ પણ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ પસંદ કરતા નથી જયારે બીજીતરફ ઓનલાઈન શિક્ષણ કાર્ય પણ ચાલુ હોવાના લીધે શાળામાં પ્રત્યક્ષ હાજરી પુરતી થતી નથી. આ સ્થિતિ વચ્ચે ગત વર્ષે સરકારે બોર્ડની પરીક્ષાઓ પણ રદ કરી હતી ધો -૧૦ અને ધો -૧૨ ની બોર્ડ પરીક્ષા પણ રદ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ હતુ. જયારે ચાલુ વર્ષ અન્વયે શિક્ષણ વિભાગે કેલેન્ડર જાહેર કરી દીધુ છે. જેમાં દિવાળી અને ઉનાળુ વેકેશન સહીત બોર્ડ પરીક્ષાની તારીખ પણ જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી તા ૧૪ માર્ચથી ૩૦ માર્ચ દરમિયાન લેવાશે. આ ઉપરાંત ધો - ૯ થી ૧૧ ની શાળાકીય વાર્ષિક પરીક્ષા તા ૧૧ થી ૨૧ એપ્રિલ દરમિયાન લેવાશે. હાલના તબક્કે આ પરીક્ષાઓ ઓફલાઈન લેવાનો નિર્ણય કરાયો છે. પરંતુ કોવિડના સંજોગોને ધ્યાને લઇ નિર્ણયમાં ફેરફાર કરવામાં આવે તો તે મુજબ પરીક્ષા લેવાશે. ધો -૯ થી ૧૨ ની પ્રથમ પરીક્ષા માટે જુન થી સપ્ટેમ્બર સુધીનો અભ્યાસ ક્રમ રહેશે. જયારે ધો ૧૦ અને ૧૨ ની પ્રિલીમ પરીક્ષા માટે સંપુર્ણ અભ્યાસક્રમ રહેશે. વર્ષ દરમિયાન ૨૧ દિવસનુ દિવાળી વેકેશન તેમજ ૩૫ દિવસનુ ઉનાળુ વેકેશન રહેશે.

# નબળી પંચાયત વેરાની વસુલાત સામે ડી.ડી.ઓ.ની નારાજગી

**૧૫મા નાણાંપંચના કામોને લઈ પણ તેમણે ધીમી કામગીરી અંગે કડક તાકીદ કરી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે પંચાયતી વેરાની નબળી વસુલાતને લઈ તાલુકા વિકાસ અધિકારીઓ સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તાલુકા વિકાસ અધિકારીઓની આજે જિલ્લા પંચાયત ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ઘણા બધા મુદ્દાઓ ચર્ચામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના વપરાશ, વિકાસ કામો તેમજ વહીવટીય મંજૂરી આપવામાં થતા વિલંબને લઈ સુશ્રી ગૌત્તમે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી એટલુ જ નહિ આ કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તેમજ વહીવટીય મંજૂરીથી પ્રક્રિયા વેગીલી બને તે જોવા માટેની કડક તાકીદ કરી હતી.

જિલ્લામાં નબળી મહેસુલી વસુલાત પછી હવે પંચાયત વેરાઓની પણ નબળી વસુલાતની હકીકતોથી તેઓએ તાલુકા વિકાસ અધિકારીઓનો બરાબરનો ઉધડો લઈ અને સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. આ બેઠકમાં તેમણે કહ્યુ હતુ કે હવે વિકાસના કામો કે ૧૫મા નાણાંપંચની કામગીરી માટે આગામી બેઠકમાં પાવર પોઈંટ પ્રેઝન્ટેશન સાથે હું સમીક્ષા કરીશ. અધુરી વિગતો સાથેના જવાબો તેઓ સાંખી લેશે નહિ.

તેમણે આ બેઠકમાં સ્વચ્છતા અભિયાન અંગે પણ કેટલીક આકરી ટકોરો કરી હોવાનું જાણવા મળેલ છે.

# મેયરની બાંકડા ખરીદી ગ્રાન્ટને લઈ નવો વિવાદ ઉભો થયો...

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરની ગ્રાન્ટના હિસાબને લઈ વધુ એક વિવાદ પ્રકાશમાં આવ્યો છે.

મેયરની ગ્રાન્ટમાંથી બાંકડા ખરીદી અંગે કોંગ્રેસને આપવામાં આવેલા હિસાબ અને આર.ટી.આઈ.માં મનપાના તંત્ર દ્વારા આપવામાં આવેલ વિગતોમાં વિસંગતતા સ્પષ્ટ જણાઈ આવતાં નવા વિવાદ અંગેની ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસને અપાયેલા જવાબમાં મેયરની ગ્રાન્ટમાંથી બાંકડા માટે ૯૯,૧૨૦ રૂ.નો ખર્ચ દર્શાવાયો છે જયારે આર.ટી.આઈ.ના જવાબમાં ૨.૯૭ લાખના બાંકડા ખરીદવામાં આવ્યાની વાત કહેવામાં આવી છે. શહેરમાં એક તરફ ચૂંટણીની જાહેરાત થઈ છે અને બીજી તરફ મેયરની ગ્રાન્ટના હિસાબનો મુદ્દો સતત વિવાદોમાં અટવાયેલો પડ્યો છે. આને લઈ લોકજીભે આ વાતોએ ચર્ચાનું સ્થાન લીધુ છે.


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com